

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*લાગી ગયો ભેજ ભેજાંને આકાશમાં તરે છે,*
*હવામાના ખાતું પણ હવામાં ફાંફાં મારે છે.*
*કરે છે આગાહીઓ ને નિરાશામાં નવડાવે -*
*હવે તો પશુ-પંખીઓ પણ નિસાસા ભરે છે...*
*(ગાંધીનગર તરસે છે.)*

### હાઈકુ

*સૂકાઈ જાય,*
*હવે અહીં આવતાં -*
*આગાહી પણ...*

*વર્તારા પણ -*
*શરમાઈ જાય છે -*
*લાગે ભોંઠપ...*

### ચિંતન

**આહુ: સત્યંહિ પરમં ધર્મં ધર્મવિદો જના: ।**
**સત્યમેકપદં બ્રહ્મ સત્ય ધર્મ: પ્રતિષ્ઠિત: ॥**

ઉપરોક્ત શ્લોક 'વાલ્મિકી રામાયણ' માંથી લેવામાં આવેલ છે.

ધર્મ રહસ્યના જ્ઞાતાઓએ કહ્યું છે કે સત્ય જ પરમ ધર્મ છે. એકાક્ષર બ્રહ્મ પણ સત્ય જ છે. સત્યમાં જ સમસ્ત ધર્મ પ્રતિષ્ઠિત છે.

'સત્ય' એ જ ધર્મ છે બોલવું - ચાલવું - વર્તન - આચરણ બધામાં હૃદયપૂર્વકની નિખાલસતા એ જ સત્ય છે.

ઘણા લોકો આડીઅવળી લાંબી લાંબી વાત કર્યા પછી જ જે કામ માટે 'ફોન' કર્યો હોય તેના પર દંભથી જાણે યાદ આવી હોય એમ બોલે હસવામાં - બોલવામાં - અભિવ્યક્તિમાં જે તમને તમારા મન-હૃદયને 'સત્ય' લાગે તે નિખાલસ પણ બોલી નાખો. દંભ નહીં તે 'સત્ય' જ છે.

### સુવિચાર

- શાસ્ત્રજ્ઞાન ના હોય તો સજ્જનોના આચાર પ્રમાણે કરવું - **ઓશો**
- જે રાજા પ્રજા વચ્ચે સતત દેખાય છે તે જ પ્રજાને સુખી કરે છે - **ચાણક્ય**
- કોઈ જાણતું નથી કે ભવિષ્યમાં શું થવાનું છે માટે બુદ્ધિમાને કાલે કરવાનું કામ આજે કરવું - **જનકલ્યાણ**
- દાનથી હાથ શોભે છે, કંકણથી નહીં, સ્નાનથી શરીર શુદ્ધ થાય છે - ચંદનથી નહીં, સન્માનથી તૃપ્તિ મળે છે - ભોજનથી નહીં, જ્ઞાનથી મુક્તિ મળે છે - આડંબરથી નહીં - **સંસ્કૃત સુભાષિત**
- જેનું મન પ્રત્યેક જીવ માટે દયાની દ્રવીભૂત થયેલું છે, તેને જ્ઞાન, મોક્ષ, જટા કે ભસ્મની જરૂર નથી - **જૈનસૂત્ર**
- ધર્મરહિત માનવનું જીવન મૃતવત્ ગણવું, મરી ગયેલો માણસ ધર્મયુક્ત હોય તો તે ચિરંજીવી છે - **અષ્ટ્રાવક્ર**
- આજનું ઔષધ : અસેળિયાના પાનને પીસીને લીંબુના રસમાં મેળવી લેપ કરવાથી મુઢમારનું દર્દ ઓછું થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આપણે આપણી જ કિંમત ઓછી આંકીએ છીએ એટલે પરિણામ પણ એવું જ મળે આથી સંકલ્પના બળિયા બનો અને મૂલ્યવાન થાઓ.

એકવાર એક પથ્થર જોઈને શિષ્યે ગુરુને પૂછ્યું, 'ગુરુદેવ, આનાથી વધારે નક્કર શું હશે ? ગુરુએ કહ્યું, 'લોખંડ પથ્થર કરતાં વધુ મજબૂત છે જે પથ્થરને કાપી શકે છે.' શિષ્યએ વળી પૂછ્યું 'લોખંડ કરતાં કં વધુ ઉત્તમ હોય તો જણાવો. ગુરુએ કહ્યું, 'આગ લોખંડને પીગળાવી શકે છે.' શિષ્યે કહ્યું, 'તો આગ નક્કર કહેવાય ?' ગુરુએ કહ્યું, 'ના, પાણીએ આગને બુઝાવી નાખે છે.' શિષ્યએ કહ્યું, 'એટલે પાણી નક્કર ગણવું.' ગુરુએ કહ્યું, 'હવે પાણીને સૂકવી નાખે છે.'

શિષ્યે કહ્યું, 'તો સૌથી ઉત્તમ અને નક્કર શું હશે ?' ગુરુએ કહ્યું, 'સંકલ્પ.' દૃઢ સંકલ્પ સૌથી મોટો, ઉત્તમ અને નક્કર છે. જેના વડે બધુ શક્ય બને છે.

# વૈદિક વિચારસરણી ધરાવતા રાજયપાલશ્રી

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતે રાષ્ટ્રને ચરણે ધરેલી ત્રિપુટીમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને મહર્ષિ દયાનંદ સરસ્વતીનાં નામો વારંવાર એક સાથે લેવાતાં રહે છે. ખાટલે ખોડ એ મુદ્દે છે કે જે ઋષિનાં ચરણચિહ્ન ગાંધીજીને એમના દરેક કાર્યકલાપમાં પ્રેરણા આપતાં રહ્યાં હતાં - જેનો એમણે અત્યંત વિનમ્ર ભાવે સ્વીકાર કર્યો છે, એ દયાનંદ સરસ્વતીને સૌથી ઓછું મહત્ત્વ ગુજરાતમાં જ મળતું રહ્યું છે. તમે જનસાધારણથી લઈ શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓને કે શિક્ષકોને પૂછી જોજો : દયાનંદને ઓળખો છો ? ઘણાં બધા થોથવાઈ જશે. બંગાળમાં જન્મી શિકાગો જઈ ધર્મસભાને પોતાની પ્રેરક વાણીથી મંત્રમુગ્ધ કરનારા વિવેકાનંદને બધા ઓળખે છે. ગુજરાતમાં જન્મી, ઉત્તર ભારતમાં જબરી લોકજાગૃતિ આણી વીસરાઈ ગયેલા વૈદિક વારસાને ઉજાગર કરવા આજીવન ઝઝૂમતા રહેલા, ટંકારામાં શિવરાત્રી પર્વની રાત્રીએ જ જેમનો અંતરાત્મા જ્ઞાનપ્રકાશથી ઝળહળી ઊઠેલો એવા મૂળે મૂળશંકર અને ગુરુ દીધેલ ઓળખે દયાનંદ માત્ર ભારતની જ નહીં બલકે વિશ્વની વિભૂતિ તરીકે ઓળખાવવાલાયક હતા. એવા મહર્ષિના વિચારો અંતે 'આર્ય સમાજ' સ્વરુપે સાકાર થયા અને 'દેશભાષા' હિંદીમાં 'સત્યાર્થ પ્રકાશ' સ્વરુપે ગ્રંથસ્થ થયા. દયાનંદ સરસ્વતી એવા પહેલા મહાપુરુષ હતા જેમણે દેશને એક સૂત્રમાં બાંધનારી 'દેશભાષા' - રાષ્ટ્રભાષાની પરિકલ્પના આપી અને પોતે સંસ્કૃતના પ્રકાંડ પંડિત હોવા છતાં ધર્મગ્રંથ લોકભાષામાં આલેખ્યો. એમણે અસ્પૃશ્યતા નિવારણનો મંત્ર કહેવાતી હલકી કોમના માણસનું રાધેલું અન્ન જમીને અમલમાં મૂકી બતાવ્યો અને વિવિધ સંપ્રદાયો તથા કર્મકાંડમાં ફસાયેલા સનાતન આર્યધર્મને મૂર્તિમંત સ્વરુપ આપવા અંતિમ શ્વાસ પર્યંત મૂર્તિપૂજા સહિતના પાખંડનો ઉગ્ર અવાજે વિરોધ કર્યો. એમણે જીવના જોખમે વૈદિક સત્યની પ્રતિષ્ઠા કરી. આખરે એમને દૂધમાં ઝેર આપી હંમેશને માટે હટાવી દેવાયા, છતાં એમનો પ્રભાવ આજપર્યંત અકબંધ છે. એમના આર્ય અને આર્ષ સિદ્ધાંતોને વરેલા સમર્પિત આચાર્ય હવે ગુજરાતના રાજયપાલ તરીકે નિમાયા છે.

ગુજરાતના વિદાય થતા રાજયપાલ ઓ.પી. કોહલીએ એક અભ્યાસુ અને લોકાભિમુક રાજયપાલ તરીકેની ઈમેજ ઊભી કરી હતી. રાજભવનને લોકભવન બનાવવાના એમના યત્કિંચિત્ પુરુષાર્થને એમના અનુગામી રાજયપાલ આચાર્ય દેવવ્રત આગળ ધપાવશે એવી અપેક્ષા અસ્થાને નહીં જ ગણાય. આચાર્ય દેવવ્રત ભલે ભાષા-સાહિત્યનાં વિદ્વાન ન હોય પરંતુ એમને દયાનંદકુળના આચાર્ય તરીકેની ઓળખ સાંપડેલી છે. તેઓ ઓર્ગેનિક કૃષિ અને ગોસંવર્ધનના હિમાયતી છે. આર્યસમાજના ચુસ્ત અનુયાયી અને પ્રચારક તરીકે તેઓ ગુજરાતે જેને હાંસિયે ધકેલ્યા છે એવા મહર્ષિ દયાનંદ સરસ્વતીની ચેનતાને પુન: ઉજાગર કરશે. આર્ય જીવનશૈલીનું ઉદાહરણ ગુજરાતના પ્રથમ નાગરિકમાં જ દૃષ્ટિગોચર થશે તો મૂલ્યનિષ્ઠા અને અન્ય ઘણી બાબતોમાં અધ:પતનના આરે પહોંચેલા આપણા જાહેર જીવનને પણ નદી દિશા સાંપડશે. રાજયપાલ પદ એ માત્ર શોભાના ગાંઠિયાનું પદ નથી. રાજયપાલ એ જે - તે રાજયના સર્વોચ્ચ બંધારણીય વડા ગણાય છે. વળી એ રાજયની તમામ યુનિવર્સિટીઓના કુલાધિપતિનો દરજ્જો પણ ધરાવતા હોય છે. શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલ ભ્રષ્ટાચાર અને માત્ર રાજકીય વગવસીલાનીથી નિમણૂક પામેલા કક્ષા વગરના કુલપતિઓ સાથે નવા રાજયપાલ કેવી રીતે પેશ આવે છે તે જોવું રસપ્રદ બની રહેશે. સ્વાગતમ્ આચાર્યવર!

# કાર્યક્ષેત્રમાં લાગણી ભેળવીએ...



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'આપ ક્યું નાસ્તા-યા ભોજન નહિ કરતે ? આઠ ઘંટે કી ફલાઈટ હૈ તો કુછ તો ખાના ચાહિયે ના !'

અરે હોસ્ટેસે અભિષેકને કહ્યું. વાત એમ હતી કે અમદાવાદથી વાયા મુંબઈ થઈને એ લંડનની ફલાઈટમાં જઈ રહ્યો હતો. ઘરેથી મોડી સાંજે નીકળ્યો હતો એટલે નાસ્તો કર્યો હતો.... પ્લેનમાં બેઠા બાદ મુંબઈ લે ઓવર ખાસ્સો હતો અને પછીથી લંડન સુધીની યાત્રા હતી... એટલે જયારે નાસ્તો આવ્યો ત્યારે અને ભોજન આવ્યું ત્યારે પણ અભિષેકે કોઈ ભોજન ન સ્વીકાર્યું, માત્ર એપલ જ્યુસ-કૉફી કે પાણી જ પસંદ કર્યા... વળીએ ટીવી કે મ્યુઝીક સાથે ઓતપ્રોત થવાના બદલે આંખો મીંચીને બેઠો રહ્યો હતો. આ બાબત નોટીસ કરનારી એર હોસ્ટેલે એને માનવ ધર્મને અનુસરીને આ વાક્ય કહ્યું હતું. એના જવાબમાં અભિષેક કહ્યું, 'મુજે વાસ્તવમાં ભૂખ નહિ હૈ ઔર, જબતક ખાના હજમના હો, તબ તક ખાના ઠીક નહિ, પરંતુ આપને મેરે પ્રતિ જો ભાવના જતાઈ, મૈં આભારી હું.' તો સામે જવાબ આવ્યો, 'નહિ, યે તો મેરા ફર્જ હૈ ઔર માનવ ધર્મ ભી.'

બંને હસી પડ્યા... લંડન ઉતર્યો ત્યારે પણ એની શુભકામના પામીને એ નીકળી પડ્યો પોતાના પ્રવાસે...

રાત્રે પ્રવાસ ડાયરી લખતો હતો ત્યારે આ ઘટના યાદ આવી અને સાથે સાથે પોતાના આવા બીજા બે જીવન પ્રસંગો પણ યાદ આવ્યા... આવી જ રીતે એક વાર એ લંડનથી ભારત આવી રહ્યો હતો... ઈમરજન્સી ડોર પાસેથી સ્પેસીયસ સીટ એને મળી હતી ત્યાં જ પ્લેનના ક્રૂને આપવાની સર્વિસની પણ જગ્યા હતી. એક એર હોસ્ટેલ તમામ લોકો સાથે અત્યંત મીઠા અવાજે અને પ્રેમપૂર્ણ પ્રતિભાવ સાથે વ્યવહાર કરતી હતી... બન્યું એવું કે ભોજન બાદ બધા ફિલ્મો - મ્યુઝિકમાં ને ઊંઘમાં વ્યસ્ત હતા. અભિષેક એને મનપસંદ ગીતો અને ગઝલો સાંભળતો હતો. એની ધૂન-એના શબ્દો એવી અસર કરી ગયા કે એના ખ્યાલ બહાર એ પોતાના જીવનના લાગણીના સંબંધોમાં પહોંચી ગયો - જાણે લાગણીની વાવમાં એ પગથિયાં ઊતરતો ગયો - એની આંખોમાંથી ધીમે ધીમે આંસુ દડ દડ ગાલ પર આવી રહ્યા હતા.. સ્મરણો એને ઘેરી વળ્યા હતા. સ્મરણોની ભીનાશમાં એ તરબતર હતો અને ચહેરા પર આંસુઓનો જાણે અભિષેક થઈ રહ્યો હતો... અચાનક થોડી વારે કોઈનો સ્પર્શ એના ખભાને થયો... એ એર હોસ્ટેસે અભિષેકને પૂછ્યું.

'ભૈયા, આપ ઠીક તો હે ના...' અભિષેકે આંખો ખોલી... ફરી પેલો અવાજ એ જ વાક્ય સાથે નજર સામે આવ્યો.... અભિષેકે કહ્યું, 'નહીં, નહીં, હાં હાં મેં ઠીક હું...' કોઈ પ્રોબ્લેમ નહિ હૈ... બસ ઐસે હી સ્મૃતિયોંમેં ડૂબ ગયા થા....' તો પેલી બહેને પણ એટલી જ મૃદુતાથી કહ્યું, 'હમારે પ્લે લીસ્ટને આપ કો સ્મૃતિયોં કી સમૃદ્ધિ દી ઉસકા હમે આનંદ હૈ... સુનતે રહો...' કહીને પ્રેમાળા હાસ્ય સાથે એ જતી રહી.

એવી જ રીતે એકવાર એ નેપાળથી દિલ્હી થઈને અમદાવાદ આવી રહ્યો હતો. ક્રૂનો એક પુરુષ સભ્ય કામ કરી રહ્યો હતો. એણે નોંધ્યું કે એ કોઈક ચિંતામાં કે થાકમાં છે. અભિષેકે એને સહજપણે પૂછ્યું, 'Hi, are you ok...' અને પેલો ચમક્યો... અભિષેકે એના ચહેરા પરની થકાનનો ઉલ્લેખ કર્યો ને કહ્યું એ પછી પણ તમે સરસ કામ કરો છો... પેલો જતો રહ્યો પણ... ફલાઈટ ઉતરવાના સમયે એ અભિષેક પાસે આવ્યો અને કહ્યું, 'સર આપને મેરે ચહેરે સે, મેરી અંદર ચલ રહે વિચારોં કો સમજા... અનુભૂત કિયા... ધન્યવાદ...' બંને ભેટ્યા.

આવા અનેક અનુભવો એના સ્મરણ પટ પર આવી ગયા. વિમાની મુસાફરીમાં એર હોસ્ટેસ અને સાથેના સ્ટાફના સભ્યો કેટલીવાર રૂટીન રૂપે કામ કરે છે અને કેટલીક વાર માણસાઈને - જીવીને - માનવ ધર્મને અનુસરીને કામ કરે છે. જયારે જયારે પોતાના કાર્ય ક્ષેત્રમાં લાગણી સાથે કામ થાય ત્યારે ત્યારે એમાં કર્મની સાથે સાથે સંવેદના પણ ભળે છે અને આવું થાય ત્યારે સંવેદનાના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

# ઈસ શહર મેં જીને કે અંદાઝ નિરાલે હૈ, હોઠોં પે લતિફેં હૈ, આવાઝ મેં છાલે હૈ

**બાજુના બ્લોકમાં કશુંક ચાલી રહ્યું છે,**
**ત્યાં ભૂતપ્રેત નાચે છે કે પછી બાળકની બર્થડે છે,**
**એ ચોક્કસપણે કહી શકાય એમ નથી**
**કદાચ બાજુના બ્લોકમાં ઠાકુર હિરોઈન પર રેપ કરે છે, જસ્ટ.**
**આવતીકાલે સવારે લોકલ છાપું આવે ત્યારે વાત.**
**સ્ટાર ન્યૂઝ કે ઝી ન્યૂઝમાં આવે, એવી બિના બની હોય**
**એવું તો કયાંથી બને, આ બાજુના બ્લોકમાં ?**
**જો કે ચોક્કસપણે એ પણ કહી શકાય એમ નથી.**
**બની શકે.**
**હિંગની વાસ આવે છે.**
**વઘારનો અવાજ તો નહોતો આવ્યો, જો કે,**
**બિલ્ડીંગમાં ઘોંઘાટ એટલો છે કે નયે આવે,**
**થયો હોય તોયે.**
**પેટ પર ચોળતા હશે, સ્હેજ ગરમ કરીને ?**
**ગેરકાયદે ગર્ભપાત કરાવતા લાગે છે, બાજુના બ્લોકમાં...**

**- સિતાંશુ યશ્વચંદ્ર**

આજના ઝડપના યુગમાં તીવ્ર ભાગાભાગીના સમયમાં સવારથી સાંજ સુધી શહેરમાં રહેતા આપણે બધાં કોઈ અકથ્ય વ્યસ્તતામાં અટવાયેલા રહીએ છીએ.

પેટીયું રળવા માટે સવારથી સાંજ - અરે ! હવે તો સાંજે કોઈ ઘરે આવી શકતું નથી, રાત્રે જ ઑફિસ ધંધામાંથી ઘરે આવી શકાય. અહીંથી તહીં ભાગંભાગ, આપણી દરેક ક્ષણ ઉતાવળે ઉતાવળે ભાગતી હોય છે. રોજિંદા જીવનની ઘટમાળ. અંધાધૂંધ ઝડપથી ભાગતી આપણી કહેવાતી વિકાસની હરણફાળે, જમાનાની તીવ્ર દોડે એક જ છત નીચે જીવતા માણસો વચ્ચે પણ અંતરાય ઊભો કરી દીધો છે, રાત્રે થાકીને તૂટી જતું શરીર લઈને આવતો વ્યક્તિ મનમાં અને શરીરમાં અઢળક કાર્ય કર્યાનો થાક છતાંય અઢળક અતૃપ્તિના અહેસાસ સાથે પથારીમાં પડતો હોય છે.



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

અંદરથી ઉજ્જડ અને વેરાન બનતો જતો વ્યક્તિ રોજ સવારે અફલાતૂન ઈસ્ત્રી ટાઈટ નવાનક્કોર કપડા પહેરીને, લાલા પરમાનદના ઈત્ર લગાવીને, વુડલેન્ડના, બાટાના, રેડચીફના ચકચકિત કીવી પૉલિસ કરેલા બૂટ ચડાવીને પોતાની બાહ્ય તસવીર તાજગીસભર અને આંજી દેતી છાપ છોડી દેવાની એષણા સાથે મેક-અપ કરીને નીકળતો હોય છે. અંદરથી મરતો જતો અતૃપ્ત જીવાત્મા બહારથી ઊજળો દેખાવા માટે ખૂબ જ ઉધામા મારતો હોય છે.

અને આ બધા ઉધામામાં પોતાના ઘરને અને સ્વજનોને પણ જોવાનો કે તેમની તિરાડોને ભાળવાનો જેને સમય નથી તેને આડોશ-પાડોશવાળા સાથે ઓળખાણ કરવાનો તો અવકાશ જ કયાંથી હોય ? 'પહેલો સગો તે પાડોશી' કહેવત આપણા વડવાઓએ આપી પરંતુ આજની નગર સંસ્કૃતિમાં પાડોશી તરફ જોવાની કોઈને તમા નથી.

હું તું અને રતનિયો, વાળી આ સામાજિક સ્થિતિમાં મોટે ભાગે ઘરનાં દરવાજા અને મનનાં દરવાજા પણ બંધ થતા જતા હોય છે.

આપણે સ્વકેન્દ્રી - સ્વાર્થકેન્દ્રી બનતાં જઈએ છીએ - છતાં પણ માનવમનની વક્રતા એ છે કે આમ તો આપણે સ્વકેન્દ્રી છીએ, પરંતુ આસપાસના લોકોના ખાનગી જીવનમાં જિરાફ સમી ડોક ઊંચી કરીને ડોકીયું કરવું ખૂબ ગમે છે. આપણે સતત તપાસમાં હોઈએ છીએ કે, બાજુવાળાના જીવનમાં કયારે છીડું પડે અને આપણે તરત જ હાજર થઈ જઈએ, મીઠું, મરચું લઈને તેના ઘાવ પર ભભરાવવા માટે.

વાતમાં કોઈ ઊંડાણ હોય નહીં, પરંતુ આપણે નાની એવી વાતને 'વાતનું વતેસર' કરીને નાનકડી ફોડકીને મોટો ઘાવ બનાવી દેવામાં ઉસ્તાદ છીએ. થોડોક અવાજ થાય અને આપણી આંખોના ટેલિસ્કોપથી ભીંતની પેલે પાર પર બધુ જોઈ લેવા ઉત્સુક હોઈએ છીએ. માણસ બાજુના રહેઠાણ સુધી પોતાની અટકળોને લંબાવે છે. આપણી બેમુખી જીવન પદ્ધતિની કરુણતા વિષે જાવેદ-અખ્તર લખે છે કે...

ઈસ શહર મેં જીને કે અંદાઝ નિરાલે હૈ
હોઠોં પે લતિફેં હૈ, આવાઝ મેં છાલે હૈ.

વિડંબના એ છે કે આપણા હસવાના દાંત, ચાવવાના દાંત, કચકચાવવાના દાંત, દેખાડવાના દાંત, અલગ અલગ છે, બાજુવાળો નવી કાર લાવે તો તેના પેંડા ખાતા ખાતા વિચારીએ છીએ કે હહહ... આજકાલ ખૂબ ચડ્યો લાગે છે. આપણને પાડોશીની સુખી હોવાની સંભાવના જણાય કે તરત જ દુ:ખી થવા માંડીએ છીએ.

ફલેટ કે સોસાયટીમાં નવા સવા લગ્ન કરીને રહેતા યુગલને લોકો કોઈ તમાશાની જેમ જુએ છે. પોતાના જીવનના ઝંઝાવાત અને અતૃપ્ત એષણાઓનો પીંડ તેના કારમા ઘાને રુઝવવા માટે જાણે કે તેમને બાજુવાળાના જીવનમાં ડોકિયું કરવાના મનોરંજનથી મેળવતા રહેતા હોય છે.

બર્થ-ડે સેલિબ્રેશનનો કિલકિલાટ ભૂત-પ્રેતની ચીસો જેવું લાગે છે, પોતાના ઘરે તો બેસતા વર્ષના દિવસે પણ કોઈ ન આવે એટલે તાળા મારીને ભાગી જતા એકલપંડા મીંઢા માણસને બાજુવાળા મોજમસ્તીથી બર્થ ડે ઉજવે લોકોને બોલાવે તેમાં અજુગતુ લાગે છે, ભૂત-પ્રેતની બૂમો જેવું સંભળાય છે.

કોઈ શંકાસ્પદ હિલચાલ કે કોઈ વિચલિત કરી દેતો પ્રસંગ બનવાની સંભાવના લાગતી હોય, તો પણ આપણે વિચારીએ છીએ કે, જવા દો ને કાલે સવારે છાપામાં વાજતે ગાજતે સમાચાર રૂપે આવશે જ ને! પરંતુ તે મીંઢો માણસ સમજતો નથી કે જો ખરા ટાણે દોડીને ઈ બાજુવાળાને સધિયારો આપવા પહોંચી ગયો હોત તો એ ઘટના અટકી જાત અને તે સમાચારરૂપે બીજા દિવસે વાંચવા ન મળત.

આજના કહેવાતા સુધરેલા યુગમાં કહેવાય છે કે, વ્યક્તિને તેની 'સ્પેસ'માં દખલ ન પહોંચાડવી જોઈએ. તે તેની 'વ્યક્તિગત સ્પેસ' છે, તેમાં તેને એકલો રહેવા દેવો જોઈએ... અરે અક્કલમઠ્ઠા જેવી માનિસકતા ધરાવનારા ગરીબડા જીવો ! આપણે તો એ સંસ્કૃતિના વારસાદર છીએ જયાં દર્દીને જોવા જવા માટે પણ મેળો જામે તેટલા સગા-વ્હાલાં પહોંચી જાય છે, અને દર્દી પણ એક સાથે આટલા બધાનો પરોક્ષ સધિયારો અનુભવીને સાજો થવા માંડે છે. 'સ્પેસ' 'સ્પેસ'ની ડિંગો હાકનારો નવો ફાલ જે આવ્યો છે, તેઓ જો સુધરશે નહીં તો છેવટે તેઓ ખુદ આ ભરીભરી દુનિયામાં 'સ્પેસ'માં (અવકાશમાં) ભટકતા ખોવાયેલા ખોટકાયેલા યાનની જેમ ચીજ વસ્તુઓની જેમ ભટકતાં જ રહેશે...

બસ જરૂર છે, હકારાત્મકતાથી, માનવીય સંવેદનાઓ સાથે કોઈના હમરાઝ બનવું. નહીં કે પંચાતિયા - પોપટ બનીને અહીંનું તહીં અને તહીંનું અહીં કરતાં રહેવું...

- jayuoza@gmail.com
Mo.9898046488

# લો, કર લો બાત... વિશ્વમાં અંદાજે ૬૦૦૦થી વધુ ભાષાનો ઉપયોગ થાય છે

વિશ્વમાં ઉપયોગમાં લેવાતી તમામ ભાષાઓની પોતાની આગવી ઓળખ છે. આ ભાષાઓનો ઉપયોગ કરતા સમુદાયોએ એની ઓળખ અને ગૌરવ કાયમ રહે એવા સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ. કોઈ એક ભાષાને સારી લેખાવવા બીજી ભાષાને ઉતારી પાડવાની મનોવૃત્તિ અસ્થાને છે. ભાષા અને બોલી વચ્ચ ફરક છે. સંસ્કૃતમાં 'ભાષ' ઉપરથી ગુજરાતીમાં 'ભાષા' શબ્દ આવ્યો. એ જ રીતે 'બોલ' ઉપરથી 'બોલી' શબ્દ બન્યો. બોલી અને ભાષા વચ્ચે મુળત: ફરક એટલો જ છે કે, બોલી ભાષાનુંઅનૌપચારિક પ્રસ્તુતીકરણ કહેવાય છે. જેમ કે કોઈ સરકારી અધિકારી એમના વાહન ચાલકને ક્યાંક જવા માટે કહે તો એમ કહેશે 'ગાડી લગાવો'. જ્યારે આ જ અધિકારી ઘરે એમના પુત્રને કહેશે કે 'બેટા, ગાડી લાવ.' અધિકારીની ઘરની બોલી એ ભાષાનું અનૌપચારિક સંસ્કરણ કહી શકાય.

અમદાવાદમાં રહેતા એક મિત્રએ એમનું પ્રાથમિકથી માંડીને અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં લીધું હતું. એ ખૂબ સરસ અંગ્રેજી લખી, વાંચી અને બોલી શકે છે. સાથો સાથ ગુજરાતી ભાષા ઉપર પણ એમની પક્કડ સારી. એ જ પ્રમાણે બીજા એક મિત્રએ પણ એમનું સંપૂર્ણ શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં લીધેલું પરંતુ એ ગુજરાતીમાં સમજી શકતા નહીં. આ એક મોટી વિટંબણા છે. અંગ્રેજીનો વિરોધ નથી. અંગ્રેજીનો પ્રભાવ ક્યારેય ન હોવો જોઈએ સાથે સાથે ગુજરાતીનો અભાવ તો કદાપી મંજુર ન હોવો જોઈએ.

જે પ્રદેશની રાજભાષા, વહીવટની ભાષા અને શિક્ષણની ભાષા છે એને માન્ય ભાષા કહેવાય. જ્યારે બોલી એટલે નિશ્ચિત સમુદાય કે વિસ્તારમાં વસતા લોકો રોજબરોજના વ્યવહારમાં જે ભાષાનો ઉપયોગ કરે છે એ માન્ય ભાષાના નિયમો અને સ્વરૂપ હંમેશા એક સરખા જ રહે છે. જ્યારે બોલી ભૌગોલિક પ્રદેશો બદલાતા સ્વાભાવિક રીતે બદલાતી જતી હોય છે. આપણે ત્યાં એટલે જ કહેવાય છે ને કે, 'બાર ગાંવે બોલી બદલાય'. બોલચાલની ભાષામાં શબ્દપ્રયોગ, ઉચ્ચાર, રૂઢીપ્રયોગ, સ્વરઅંકુશ અને સ્વરભાર વગેરે ઉપર પ્રદેશના સ્વાભાવિક લક્ષણો જોવા મળતા હોય છે. માન્ય ભાષામાં ઉચ્ચાર, જોડણી, વ્યાકરણના નિયમોની વ્યવસ્થિત કાળજી લેવામાં આવતી હોવાથી એમાં એકસૂત્રતા જળવાય છે. જો કોઈ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા કે મહેસાણાનો વ્યક્તિ દક્ષિણ ગુજરાતના વલસાડ કે નવસારી જઈ ઉત્તર ગુજરાતની બોલીમાં વાતચીત કરે તો સંભવત: વલસાડ કે નવસારીના લોકોને સમજતા વાર લાગે અથવા ન પણ સમજાય.

સર્જક અને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સક્રીય ધીરુબહેન પટેલ તો ત્યાં સુધી કહે છે કે, બાળકો પાસેથી માતૃભાષા છીનવવી એ આઝાદી છીનવવા જેવી વાત છે. યોગેન્દ્ર વ્યાસ ખૂબ મોટા ગજાના ભાષાવિજ્ઞાની છે. એમના મતે માન્ય ભાષા અને બોલી વચ્ચેનો ફરક એટલે સંસ્કૃતિનો તફાવત છે. આ બન્ને વચ્ચે ભાષાનો તફાવત બિલકુલ નથી. બોલી બળુકી હોય છે કારણ કે બોલી જ વ્યક્તિના હૃદય સુધી પહોંચવાનુ મહત્ત્વનુ કામ કરે છે. માન્ય ભાષા તમામ બોલી વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવવાનું કામ કરતી હોય છે. આ વાત સમજવા જેવી છે. ભાષા અને બોલીનો તફાવત સ્પષ્ટ કરતા નેલ્સન મંડેલાએ એક વાત સરસ કરી હતી કે, 'જે વ્યક્તિ જે ભાષામાં સમજે છે એ જ ભાષામાં વાત કરવામાં આવે તો તે તેના મગજ સુધી પહોંચશે. પરંતુ જો તે તેની બોલીની ભાષામાં વાત કરશે તો એ તેના હૃદય સુધી પહોંચશે.'

કોલંબિયા યુનિર્વસિટીના ભાષા તજજ્ઞ ડૉ. ઝોન હેમિટોન મેકહોર્ટરના મંતવ્ય અનુંસાર માનવ સભ્યતામાં આજે આશરે ૬૦૦૦થી વધુ ભાષાનો ઉપયોગ થાય છે. આમાની કેટલીક પ્રાચિન ભાષાઓનો ઉદભવ ઈ.સ. પૂર્વે ૩૫૦૦માં થયો હોવાનું મનાય છે. જો કે ભાષાનો ઉદભવ અને વિકાસ એક ગહન ચર્ચાનો વિષય છે. એનુ કારણ પણ છે કે આજ દિન સુધી આ અંગે કોઈ ચોક્કસ પ્રમાણ કે આધાર પ્રાપ્ય નથી. ભાષાવિદોના તારતમ્ય અનુંસાર એટલુ ચોક્કસ કહી શકાય કે, ઉચ્ચારણોના પ્રમાણભુત વ્યાકરણના આધારે જે કાંઈ સન્મુખ આવ્યું એ ભાષા છે. વિશ્વની ભાષાઓ આફ્રો એશિયાટિક, ઑસ્ટ્રોનેસિયન, ઈન્ડો-યુરોપીયન, નાઈજર-કોંગો, સાઈનોતિબેટીયન અને ટ્રાન્સ-ન્યુગુયાના એમ છ વિભાગમાં વહેંચાઈ છે. જે પૈકી ઈન્ડો-યુરોપીયન(આર્યન) વિભાગમાંથી ઈ.સ.૧૧૦૦થી ૧૫૦૦ વચ્ચે રાજસ્થાન બાજુથી અપભ્રંશ થઈને જુની ગુજરાતી અસ્તિત્વમાં આવી હોવાનુ મનાય છે.

હેમિટિક, એમેટિક, દ્રવિડી, એસ્ટ્રિડ વગેરે જેવી ૧૪ જેટલી પ્રાચીન ભાષાઓ આર્યકુળની ભાષાઓ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતી શબ્દનો પ્રયોગ સૌથી પહેલા કવિ પ્રેમાનંદે કર્યો હતો. જે માર્કંડરાય ગુર્જરી અપભ્રંશ તરીકે પ્રચલિત હતી તેનો સાહિત્યમાં ભરપુર ઉપયોગ ભાલણે કર્યો. નરસિંહે અપભ્રંશ ગીરા અને અખાએ પ્રાકૃત ગુજરાતી ભાષા પ્રયોજી છે. ઈતિહાસકારોના મતે ઈ.સ.પૂર્વે૯૦૦ની આજુબાજુ 'ગુજરાતી ભાષા' એવું નામ અપાયું હોય એવું એક અનુમાન છે. ૧૧મી સદી સુધી અને ૧૨થી ૧૪મી સદીના પૂર્વાર્ધ સુધી ગુર્જર અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતીનું પ્રથમ દર્શન હેમચંદ્રાચાર્યજીના પ્રાકૃત વ્યાકરણના અપભ્રંશ (ઈ.સ. ૧૧૮૫), નેમિનાથ, સુતંપયાદીક અને આરાધનામાં જોવા મળે છે. મધ્યકાલીન ગુજરાતી ઈ.સ. ૧૪મી સદીના ઉતરાર્ધથી ૧૭મી સદીના પૂર્વાર્ધમાં નરસિંહ, મીરાના ભજનો, કાદંબરી, વિમલ પ્રબંધમાં દેખાય છે. જ્યારે ૧૭મી સદીથી આજ દિવસ સુધીના કાળખંડને અર્વાચીન ગુજરાતી તરીકે ઓળખવામાં આવે છે.

ભાષા પ્રત્યાયનનું એક સબળ માધ્યમ છે. ભાષાને વિચાર વહનનો સ્ત્રોત કે સાધન કહી શકાય. ભાષા ક્યારેય મૂલ્યાંકનનું માધ્યમ ન હોઈ શકે. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં અંગ્રેજી ભાષાના પ્રયોગનું પ્રમાણ વધુ હોય એવુ બને. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવાથી ભણતરનું સ્તર વધુ ઊંચુ આવશે એવા ખ્યાલ કરતાં બાળક શાળામાં જે કાંઈ ભણશે એ સરસ રીતે તેના જીવનમાં ઉતારશે એવી સમજ વિકસે ત્યારે આવતી કાલનો યુવાન વધુ સક્ષમ બની શકશે. આ સામાન્ય વાત દરેક માતા-પિતા મનમાં ઉતારે તો આવનારી પેઢીને સક્ષમ બનતા કોઈ રોકી નહીં શકે. પરાણે કોઈ વાત હૃદયમાં ઉતરતી જ નથી. પ્રેમપૂર્વક સાચા મનથી જે શીખવામાં આવે એ જ સાર્થક થતું હોય છે.

ગુજરાતમાં લગભગ ૫૦ જેટલી બોલીઓ જોવા મળે છે. તેમાં મુખ્યત્વે સુરતી, ચરોતરી, મહેસાણી, ઝાલાવાડી, ગામીત, ચૌધરી, વસાવા, ઘોડિયા, કુકણા, પારસી, વ્હોરા, કાઠીયાવાડી, કચ્છી અને ભીલી એમ આ ૧૪ બોલીઓનું ગુજરાતમાં ચલણ વધુ જોવા મળ્યું છે. આ પૈકી કાઠીયાવાડી, પટણી, સુરતી અને ચરોતરી બોલી વધુ સાંભળવા મળતી હોય છે. સૌરાષ્ટ્રનાં વિસ્તારમાં કાઠીયાવાડી બોલી પ્રચલિત છે. જેમાં 'હાલ્યા આવો' એટલે 'ચાલ્યા આવો', 'અટાણે' એટલે 'આ સમયે', 'મોર થઈ જા' એટલે 'આગળ થઈ જા' વગેરે બોલચાલની ભાષાના પ્રયોગો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં પટણી બોલીનો ઉપયોગ થતો હોય છે જેમાં 'ઈમ કઉં છું કે...' એટલે 'એમ કહું છું કે...', 'વાખ' એટલે 'બંધ કર' વગેરે શબ્દપ્રયોગો બોલવામાં આવે છે. દક્ષિણ ગુજરાતમાં સુરતી બોલીનું ચલણ છે. જેમાં 'પોયરો' એટલે 'છોકરો', 'ડખુચોખા' એટલે દાળભાત જેવા શબ્દો બોલવામાં આવે છે. મધ્ય ગુજરાતમાં ચરોતરી બોલી હોય છે. ચરોતરીમાં 'વઢવુ' એટલે 'લડવુ', 'બુહળુ' એટલે 'ધોકો' જેવા શબ્દો જોવા મળે છે.



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વામી દયાનંદ સરસ્વતી, ધીરૂભાઈ અંબાણી જે.આર.ડી. તાતા વગેરે ગુજરાતી સપૂતોની ભાષા અને બોલી ગુજરાતી જ હતી. 'ગુજરાતી' પ્રત્યેક ગુજરાતીઓની માતૃભાષા છે. અંગ્રેજી, ફ્રેન્ચ, ઈટાલિયન, જર્મની, બીજી કોઈપણ ભાષા આવડે અને એમાં લખીએ, વાંચીએ પણ ખરા પરંતુ વિચાર તો માતૃભાષા ગુજરાતીમાં જ આવતા હોય છે. વ્યક્તિ દેશ-વિદેશમાં ગમે એટલું ફરતો હોય પણ રોજ રાત્રે સૂઈ જાય ત્યારે શમણાની સફર તો ગુજરાતીમાં જ થતી હોય છે. જ્યારે વિચારો અને સ્વપ્ન ગુજરાતીમાં આવતા હોય ત્યારે એ સમજવામાં કષ્ટ ન પડવું જોઈએ કે, માતૃભાષા જ આપણી સાચી ઓળખ છે. ગુજરાતી ભાષા અને બોલીમાં આપણી ખરી તાકાત છે. એનું ગૌરવ વધારવાના સભાન પ્રયાસો થવા જોઈએ.

એક ગુજરાતી તરીકે આપણને સૌને ગૌરવ થાય એવી વાત એ છે કે, સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી મુજબ ભારતની વસ્તીના ૪.૫% લોકો ગુજરાતી ભાષા બોલે છે, જે ૫.૫૬ કરોડ (૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ) જેટલા થાય છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતી ભાષા બોલતા લોકોની સંખ્યા ૬.૫૫ કરોડ છે. ગુજરાતી ભાષાવિશ્વમાં ૨૬મા ક્રમની સૌથી વધુ બોલાતી ભાષા છે. મા, માતૃભાષા અને માતૃભૂમિનો ક્યાંય પર્યાય નથી. માણસ પૃથ્વી ઉપર પહેલો શ્વાસ લે છે ત્યારથી માતૃઋણ, માતૃભૂમિઋણ અને માતૃભાષાઋણ લઈને વિકાસ પામતો હોય છે. આ ત્રણેય ઋણ અદા કરવા તત્પર રહેવું જોઈએ. ચિંતક ઈમર્સન કહે છે, જ્યારે કોઈ ભાષા નષ્ટ પામતી હોય છે ત્યારે આખે આખી એક સંસ્કૃતિ નષ્ટ પામે છે. જાણીતા કવિ કટસના મતે માતૃભાષા વગરની પ્રજા આત્મસન્માન અને આત્મગૌરવ વગરની નમાલી પ્રજા કહેવાય. માતૃભાષા અને બોલીથી અલગ હટવા જેવી મોટી કોઈ દૂર્ઘટના જીવનમાં ન હોઈ શકે. અન્ય ભાષાની સારી વાત ચોક્કસ અપનાવી શકાય પણ પોતાની ભાષાનું ગૌરવ કેમ અવગણી શકાય ? 'હા, મને ગુજરાતી ભાષાથી મહોબ્બત છે. ' એમ છાતી ઠોકીને બોલવામાં ગૌરવ અનુભવાય એની ખરી મજા છે. આપણી પોતાની ગુજરાતી ભાષા અને બોલી જ બળુકી એ ખ્યાલને આજે હદયમાં દ્રઢીભૂત નહીં કરાય તો કાલે કદાચ બહુ મોડુ થઈ જશે. (સંદર્ભ : ગુજરાતી ઓક્ષફોર્ડ લિવીંગ ડિક્ષનરી, ભાષા સૌંદર્ય)

**ધબકાર :**

**ન આવડે કે ન સમજાય તો એનો માર્ગ મળે પણ નથી જ કરવું એનો કોઇ તોડ નથી.**